સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પડોશીઓ આવી આવી મિજબાની માણી જાય છે!
ને આપણાં ઢીલાં છિદ્રો છાનાં એ જાણી જાય છે!
નાણી જાય છે શક્તિ પોકળ પ્રચારી વિકાસની -
ચીન-પાક-નેપાળ, બંગ્લાદેશમાં ધાણી થાય છે

કોને ન ગમે?
યોગ્ય, હોય ન હોય -
વ્યક્તિ પૂજા...

પ્રભુત્વ માટે,
રમે દોરડાં ખેંચ -
સત્તા ને સંઘ...

(માનવ સહજ નબળાઈ)

હાઈકુ

ચિંતન

ગૌરવં પ્રાપ્યતે દાનાન નતુ વિતસ્ય સંચયાત્ ।
સ્થિતિ રૂચ્ચૈઃ પયોદાનાં પયોધી નામધઃ સ્થિતિઃ ॥

હંમેશા દાન આપનાર, દાની વ્યક્તિને જ સમાજમાં માન-સન્માન સાથેનું ગૌરવાન્વિત સ્થાન પ્રાપ્ત થાય, સમાજમાં તેમનો ઉચ્ચો દરજ્જો - મળે છે. કંજૂસ અને સંગ્રહખોરોની સમાજમાં અવગણના થાય છે તેને કોઈ માન-પાન સાથે ઊંચે સ્થાને બેસાડતું નથી.

આ શ્લોકમાં, આ વાત સમજાવવા માટે પ્રકૃતિનું સુંદર દૃષ્ટાંત આપ્યું છે. વાદળાં-ખેડૂતો અને જનસમૂહને પાણીનું દાન કરી જીવતદાન બક્ષે છે તેથી તેમનું સ્થાન ઉંચે - આકાશમાં છે.

પરંતુ, સમુદ્ર-બધી નદીઓના પાણીનો માત્ર સંગ્રહ જ કરે છે તેથી તે સંગ્રહખોર અને કંજૂસ છે તેનું સ્થાન 'નીચું' છે.

સુવિચાર

- આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યક્તિ જો કોઈ હોય તો તે આપણી જાત છે - **જનકલ્યાણ**
- જે અસત્યમાં સત્યની કલ્પના કરે છે અને સત્યમાં અસત્ય જોવે છે તે કદી સત્ય પામી શકતો નથી - **બુદ્ધ**
- 'હું નહીં કરી શકું' એ સૌથી ખરાબ બહાનું છે, બહાના દ્વારા તમે બીજાઓને સંતુષ્ટ કરી શકો પરંતુ ખુદને નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વને સારા માણસો નહીં પણ સારી માણસાઈ જોઈએ છે - **ઝેન કથન**
- ચારિત્રરુપી ધન સિવાય બીજી કોઈ પણ ચીજ ભવોભવ સાથે આવતી નથી - **માનસસૂત્ર**
- આજના ઉપરથી ભવિષ્યનો હિસાબ કદી ના કાઢશો - **સોક્રેટીસ**
- આજનું ઔષધ : જવના લોટની પેસ્ટ બનાવી હાથે પગે લગાડવાથી પરસેવો ઓછો થાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજે ગુજરાત વિદ્યાપીઠના સંકુલમાં જે વનરાઈ ફૂલી-ફાલી છે તેના બીજ ગાંધીજીએ નાખ્યાં હતા.

વિદ્યાપીઠનું મકાન બાંધકામ ચાલુ હતું સાથે સાથે ફૂલ-છોડનો ઉછેર પણ શરુ થયો; પરંતુ તે વખતે આ ખૂલ્લાં મેદાનમાં ઢોર-ઢાંખર ચરવા આવતાં - ફૂલ-વૃક્ષોને નૂકશાન કરતાં.

ગાંધીજીએ અંતે-વાસીઓની મદદથી ચારેકોર થોરિયાંની વાડ કરાવી અને પ્રવેશ માટે નાનો એક ઝાંપો બનાવ્યો.

રાત્રે આવ-જા માટે ઝાંપા પાસે એક થાંભલા પર લાલટેન રાખતા અને આ લાલટેનમાં એક નિશ્ચિત માપીયાંથી કેરોસીન ભરાતું જે રાતથી સવાર સુધી જ ચાલે... સવારે તે લાલટેન આપોઆપ ઓલવાઈ જતું.

ગાંધીજી આવા કરકસરના પાઠ જાતે અપનાવતા અને અંતેવાસીઓને આદર્શ ઉદાહરણ આપતા.

આસામમાં ઘુસણખોરીનું કાર્ડ ભાજપને ફાયદારૂપ બનશે

તંત્રીસ્થાનેથી...

ભાજપ અને નરેન્દ્ર મોદી પરસ્પરના પર્યાય બની ગયેલ છે, એ મુદ્દે ભાગ્યે જ કોઈ શંકા કરી શકશે. મોદી એમના નાનકડા રજવાડાને આનંદીબેનના હવાલે મૂકી વિશાળ ભારતના કર્ણધાર બન્યા ત્યાર પછી એમણે વિશ્વનેતા તરીકે પ્રસ્થાપિત થવાના કાર્યક્રમોનો દોર શરુ કર્યો જે આજપર્યંત ચાલુ રહ્યો છે. વચ્ચે વચ્ચે દેશનાં જ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી આવે છે ત્યારે મોદી માટે પોતાનું વજૂદ ટકાવવા અને વ્યાપ વધારવા માટે વિદેશયાત્રા પર અંકુશ રાખવાનું ફરજિયાત બની જાય છે. આગામી દિવસોમાં જે પાંચ રાજયોની ચૂંટણી યોજાનાર છે તેપૈકી ભાજપ સૌથી વધારે આશાવાદી આસામ વિશે છે. આસામમાં છેલ્લાં પંદર વર્ષથી તરુણ ગોગોઈના નેતૃત્વ હેઠળ કોંગ્રેસની સરકાર સત્તામાં છે. સ્વાભાવિક છે કે આટલા લાંબા સમયગાળામાં મુખ્યમંત્રીની ખુરશી પર એકનો એક ચહોરો જોઈને પ્રજા કંટાળી ગઈ હોય, મોદી આસામને નવું નેતૃત્વ આપી આગામી દસ વર્ષ માટેનું 'વિઝન ડોક્યુમેન્ટ' અમલી બનાવવા માગે છે. દિલ્હીમાં રાજકારણના ક્ષેત્રથી બહારનો લોકપ્રિય ચહેરો રજૂ કરી કેજરીવાલ સામે લડત આપવામાં મળેલી કારમી હાર પછી ખુદ પોતાના ખબા પર બિહારનો ઊંચકવાનો વિકલ્પ અપનાવ્યો ત્યારે ત્યાં પણ મોદીને પરાજય જ સાંપડ્યો. આ બે અનુભવો પછી ભાજપ અર્થાત્ નરેન્દ્ર મોદીએ આસામને એની ધરતીનાં જ પાંગરેલું યુવા નેતૃત્વ તૈયાર કરી વિકાસના રાજમાર્ગ પર આણવાની રણનીતિ અપનાવી છે. તરુણ ગોગોઈ જેવા નીવડેલા છતાં કેટલીક બાબતોમાં અણગમતા બની ચૂકેલા મોટા ગજાના નેતા સામે તદ્દન નવો-નિર્દોષ હિંદુ ચહેરો રજૂ કરીને ભાજપે માસ્ટર સ્ટ્રોક મારી દીધો છે. વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરતાં અરૂણ જેટલીએ સૌથી વધુ ભાર બાંગ્લા દેશમાંથી આસામમાં આવી જામી પડેલા મુસ્લિમ ઘુસણખોરો પર જ મૂક્યો છે. ઘુસણખોર તત્વોને કારણે આસામનું વસતિ સંદર્ભનું ગણિત બદલાઈ ગયું છે. ત્રીસ-પાંત્રીસ બેઠકો પર તો નેવું ટકા મુસ્લિમ મતદારોનું વર્ચસ્વ સ્થપાઈ ગયું છે. ભાજપ પાસે આ વિદેશી ઘુસણખોરોનો મુદ્દો તે હુકમનો એક્કો બની રહ્યો છે, પરંતુ બાંગ્લાદેશમાંથી આસામમાં આવીને વસી ગયેલા હિંદુઓને પાછા કાઢવાના મુદ્દે ભાજપ પણ અવઢવ અનુભવે છે, આસામમાં આવા તત્ત્વોને આશ્રય આપી વોટ બેંકનું ખતરનાક રાજકારણ ચલાવાતું હોવાના ભાજપના આક્ષેપને આસામમાં હિંદુ મતદારાનું સમર્થન મળી રહ્યું છે. આમ દેશભરમાં જયારે હિંદુત્વના મુદ્દે કટ્ટર નિવેદનો કરનારા કેટલાક ભાજપી નેતાઓ વિરુદ્ધ ઊહાપોહ થઈ રહ્યો છે ત્યારે એ જ હિંદુ કાર્ડ આસામમાં ભાજપને સત્તારુઢ થવામાં મદદરુપ થાય તેવી શક્યતા સરજાવા પામી છે. ભાજપ સત્તા પર આવશે તો બાંગ્લાદેશી ઘુસણખોરોને તગેડી મૂકશે અને બે દેશો વચ્ચેની સરહદો કડક હાથે 'સીલ' કરશે, એવી ખાતરી અપાઈ છે. સામા પક્ષે તરુણ ગોગોઈ એમની ડૂબતી નાવ બચાવવા ઘર દીઠ એક નોકરી આપવાનું વચન આપી રહ્યા છે. આસામમાં અઢી લાખ સુધીની આવક ધરાવતી વ્યક્તિને ગરીબી રેખા નીચે ગણવાની પણ ખાતરી અપાઈ છે. યુવાનોને રોજગારી અને ગરીબોને સહાય આપવાના મુદ્દા ઉપરાંત તરુણ ગોગોઈ આસામના વિકાસ માટે કોંગ્રેસ શાસન દરમિયાન થયેલા પ્રયાસોનો હવાલો પણ આપે છે. પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ આસામમાંથી જ રાજયસભામાં ચૂંટાતા રહ્યા હોવા છતાં આસામનો પૂરો વિકાસ નથી થઈ શક્યો તેવો આક્ષેપ ખુદ મોદી કરતા રહ્યા છે. હવે જયારે બાંગ્લાદેશી ઘુસણખોરોને તગેડી મૂકવાનું વચન આપી હિંદુ મતોના ધ્રુવીકરણનો પ્રયાસ હાથ ધરાયો છે ત્યારે એ જ બાંગ્લાદેશમાંથી કટ્ટરવાદીઓના ત્રાસથી ભોગ બની આસામમાં ઘુસણખોર તરીકે આશ્રય લઈ રહેલ હિંદુઓનું શું?

ડુબી રહી છે પૃથ્વી...



પૃથ્વી ગરમ થઈ રહી છે તેવું આપણે અવારનવાર બોલીએ - સાંભળીએ અનુભવીએ છીએ. હવે તેનાથી આગળ વધીને તેનાથી શું? તે વિચારીએ તો કહેવું પડે તેમ છે કે પૃથ્વી ડુબી રહી છે.

યુનાઈટેડ નેશન્સ ઈન્ટર ગર્વમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC) ના વર્ષ ૨૦૧૩ના અહેવાલ પ્રમાણે વર્ષ ૨૧૦૦ સુધીમાં પૃથ્વીની દરિયાઈ સપાટીમાં ૩ ફુટ જેટલો વધારો થવાનું અનુમાન કરવામાં આવ્યું છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

છેલ્લા ૧૦૦ વર્ષમાં વિશ્વના દરિયાની સપાટીમાં સરેરાશ ૪ થી ૮ ઈંચ (૧૦ થી ૨૦ સેન્ટીમીટર) જેટલો વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૦ વર્ષમાં ૦.૧૩ ઈંચ (૩.૨ મીલીમીટર) જેટલો વાર્ષિક વધારો નોંધાયો છે. જે તે અગાઉના ૮૦ વર્ષો કરતાં બે ગણો થયા પામેલ છે. નાસાના ઓકટોબર, ૨૦૧૫ ના એક રિપોર્ટ પ્રમાણે દરિયાનું પ્રવર્તમાન લેવલ ૭૬.૧૩ મીલીમીટર છે. તેમાં પ્રતિવર્ષ ૩.૪૧ મીલીમીટરના દરે વધારો થઈ રહ્યો છે. વર્ષ ૧૮૭૦ થી લઈને ૨૦૦૦ દરમિયાન દરિયાની સપાટીમાં ૨૦૦ મીલીમીટરનો વધારો નોંધાયો છે.

ડૉકટર જેમ્સ હનસન કે જેઓ અગાઉ નાસાના વૈજ્ઞાનિક હતાં કે જેમણે માનવ સર્જિત ગ્લોબલ વોર્મિંગ વિશે વિશેષ જાણકારી આપી હતી તેમનું મંતવ્ય એવું છે કે આપણે હાલમાં દરિયાની સપાટીમાં સો વર્ષોમાં / શતકોમાં વધારાનો જે અંદાજ/ગણતરી માંડીએ છીએ તેના બદલે દસ વર્ષોમાં / દસકાઓમાં માંડવાની જરુર છે. કારણ કે હાલમાં મોડ્યુલોના આધારે જે અનુમાનો બંધાઈ રહ્યા છે તેના કરતાં વધુ ઝડપથી દરિયાની સપાટીમાં વધારો થઈ રહ્યો છે.

તાજેતરમાં ડૉકટર જેમન્સ હનસેનના પ્રસિદ્ધ થયેલા અહેવાલ પ્રમાણે અશ્મિ બળતણ (Fossil Fual) ના વધુ પડતાં વપરાશથી થઈ રહેલ ઉત્સર્જનને કારણે વૈશ્વિક તાપમાનની સર્જનારી સ્થિતિને કારણે ખુબ જ ભયાનક વાવાધોજાઓ સર્જાશે અને આવતાં ૫૦ થી ૧૫૦ વર્ષમાં દરિયાની સપાટીમાં ઝડપી વધારો થતો જોવા મળશે. આ અહેવાલ બાદ આ વિષયના સંશોધકો અને વૈજ્ઞાનિકોમાં ગંભીર ચર્ચાઓએ જોર પકડ્યું છે.

છેલ્લા ૧૦૦ વર્ષમાં ફોશિલ ફ્યુલ તથા માનવીય પ્રવૃત્તિઓને કારણે પૃથ્વીના વાતાવરણમાં ગરમી શોષતાં/રોકતાં વાયુઓનું પ્રમાણ વધી જવા પામ્યું છે. આ કારણે પૃથ્વીની સપાટીનું તાપમાન પણ વધી રહ્યું છે. આ પૈકી ૮૦ ટકા ઉષ્મા/ગરમી દરિયાના પાણીમાં શોષાય છે. સમુદ્રના પાણી ગરમ થઈ રહ્યા છે અને સમુદ્રના ગરમ પાણી નિયમાનુસાર વધુ જગ્યા રોકતા હોઈ તેની સપાટી તથા ફેલાવો વધી રહ્યો છે.

હરિત વાયુઓનું ઉત્સર્જન પ્રવર્તમાન દરે રહેશે તો પ્રતિ વર્ષ ૩.૨ થી ૫.૪ ડિગ્રી જેટલું તાપમાન વધતું રહેશે. વિવિધ દેશોના વચ્ચે થયેલ એગ્રીમેનટ મુજબ સરેરાશ ૨ ડિગ્રીનો વધારો સર્વસંમતિએ સ્વીકારાયો છે પરંતુ નિષ્ણાંતોના મંતવ્ય પ્રમાણે આ લક્ષ્ય પ્રમાણે તો તાપમાન વધારો રહેશે તો પણ દરિયાની સપાટીમાં ૬ મીટર સુધીનો વધારો થઈ શકે છે.

આપણી પૃથ્વી પાસે કુદરતે બક્ષેલ ફોશિલ ફ્યુલનો જે જથ્થો છે સંપૂર્ણપણે વાપરી કાઢીશું ત્યારે ૧૦,૦૦૦ અબજ ઘન કાર્બન ડાયોકસાઈડ પૃથ્વીના વાતાવરણમાં ભળશે અને આટલો કાર્બન ડાયોકસાઈડ વાયુ પૃથ્વી પરના એન્ટાર્કટીકાના સમગ્ર બરફને પીગળાવી નાંખવા માટે પુરતો હશે. આ બધો જ બરફ પીગળતાં તે પાણી સમુદ્રમાં ઉમેરાશે તેના લીધે સમુદ્રની સપાટી ૫૦ થી ૬૦ મીટર જેટલી વધશે. પરિણામ સ્વરુપે મુંબઈ, કોલકાત્તા, ઢાકા, કરાંચી, સાંઘાઈ જેવા અસંખ્ય શહેરો - નગરો ડુબી જશે. વિશ્વની ૧ અબજથી વધુ વસતીને તેની સીધી અસર પહોંચશે. એક અંદાજ પ્રમાણે પૂર્વ આફ્રિકાનો બરફ પીગળવાથી ૧૬૪ ફૂટ (૫૦ મીટર) જેટલો દરિયાઈ સપાટીમાં વધારો થઈ શકે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

આ નવી પેઢી હીટ છે બોસ્સ...!!!

૩૦ વર્ષની લાંબી કેરિયર... લગભગ ૬૫૦ જેવી ફિલ્મો...૪૦૦૦થી વધુ ગીતો અને એમાંથી મોટાભાગના હીટ...!!! શબ્દોના સ્વામીને આથી વધુ શું જોઈએ? પણ નાં, મહેનત કરતા રહો તો નવી નવી ઊંચાઈઓ મળતી જ રહે એ સનાતન સત્યનું હજુ એક ઈનામ બાકી હતું અને એ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં એન્ટ્રી... અને એન્ટ્રી પણ કેવી કે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમે નવી કેટેગરી બનાવવી પડી...સ્પેશીયલ કેટેગરી... કેટેગરીનું નામ સૌથી વધુ ગીત લખનાર.!!! યસ વાત છે થોડી જૂની પણ સંદર્ભ આજે પણ પ્રસ્તુત છે અને આ સુરીલી સિદ્ધિના માલિક છે આપણી હિન્દી ફિલ્મોના કામયાબ અને સૌથી વધુ સંભળાતા ગીતકાર સમીર અનજાન...!!! ઘૂંઘટ કી આડ મેં દિલબરકા(હમ હૈ રાહી પ્યારકે)...તેરી ઉમ્મીદ તેરા ઈન્તેઝાર (દીવાના) અને નજર કે સામને (આશિકી) માટે ફિલ્મફેર એવોર્ડ જીતી ચુકનાર આ મહાન ગીતકાર અનજાનના પુત્ર સમીરે મેન્ટોર ગુલશનકુમારની હત્યા અને પિતા અનજાનના મૃત્યુથી વ્યથિત થઈને ગીતો લખવાનું છોડીને બનારસ બાજુ કાયમી પ્રયાણ કર્યું પણ એમનામાં વસેલા કવિજીવથી રહેવાયું નહી અને ૧૯૯૯માં 'હસીનામાં જાયેગી' થી કમબેક કર્યું બોલીવુડમાં અને ત્યારથી લઈને આજ સુધી હિન્દી ફિલ્મો અને દર્શકોને પોતાના ગીતોથી મનોરંજન કરવાનું પુરજોશમાં ચાલુ છે. એક સમયે આનદ-મિલિન્દ કે નદીમ-શ્રવણના સંગીતમાં ગીતકારનું નામ તો એક જ અને કોમન જ રહેતું અને એ હતું સમીરનું નામ. આજે હિમેશ અને બીજા સંગીતકારોના સંગીતમાં ગીતો લખતા સમીરે ભલે ઓછું કામ કરી નાખ્યું હોય પણ કલમમાં તાકાત તો એ જ છે.

વાત ભલે સમીરની આ સિદ્ધિથી શરુ કરી હોય પણ સમીર પછી શું? આવો જવાબ શોધતા સિનેમા લવર્સ માટે અનેકો સારા સમાચારો બોલીવુડમાં મોજુદ છે અને આજે વાત એવા થોડા દિલ કો છું લેનેવાલે નવી પેઢીના ગીતકારોની કરવાની છે. હિન્દી ફિલ્મોમાં ગીતોનું આગવું સ્થાન છે અને દરેક હીટ ગીતોનો શ્રેય હીરો - હિરોઈન કે સંગીતકાર લુટી લે છે પણ ગીતકારો વિષે એટલું બધું કોઈ જાણતું નથી હોતું સિવાય કે આપણે આગળ ઉલ્લેખ કરીશું એવા મહેનતે અને કશુક નવીન રજુ કરીને આગળ આવેલા અને આજે હીરો-હિરોઈન-સંગીતકારની જેમ જ પ્રખ્યાત થઈ ચુકેલા થોડા ગીતકારો વિષે. દરેક ગીતમાં એક વાર્તા હોય છે - એક વાત હોય છે આવું દ્રઢપણે માનતા સમીરની વાતને જો કોઈએ બરાબર શબ્દોમાં ઉતારી હોય તો એ છે સમીર જેવા જ બીજા ગીતકાર પ્રસુન જોશીએ. તારે જમીન પર નું એક જ ગીત 'મેરી મા' કાફી છે પ્રસુનની આ કાબેલિયતને ઓળખવા માટે. એમ તો હમણાં જ આવેલી નીરજા ફિલ્મમાં પણ આ જ પ્રસૂને 'મેરી માં' ના જ ઉતરાર્ધ જેવું અદ્‌ભૂત ગીત લખ્યું છે 'ઐસા કયું મા' !!! જાહેરાતોની દુનિયાના આ આલા અને સફળ અધિકારીનો પહેલો પ્રેમ તો કવિતા જ છે એટલે તો ફક્ત ૧૭ વર્ષની ઉમરે એમનો પહેલો કાવ્યસંગ્રહ પ્રકાશિત થઈ ગયેલો. હિન્દી ફિલ્મોમાં એક તરફ દ્વિઅર્થીઅને ફૂવડ ગીતો કે અર્થહીન ગીતોનો વાયરો ચાલુ જ છે એવામાં પણ પ્રસુનના ગીતો હમેશા અર્થપૂર્ણ અને નરી કાવ્યત્મકતા ધરાવતા હોવાથી ખરેખર સંગીત અને ગીતના ચાહકોના મનમાં એક આલ્હાદક છાપ છોડી જાય છે. ગીતના શબ્દોમાં જ રજુ થતી એક અલાયદી વાર્તા સાંભળનાર ને મોહિત કરી મુકે છે. ચીકની ચમેલી, અનારકલી ડિસ્કો ચલી કે બીજા આવા સડકછાપ ગીતો ભલે કદાચ હીટ થતા હશે પણ એકવાર ચિત્ગોંગ ફિલ્મનું 'બોલો ના' કે માર્ગરેટ વિથ સ્ત્રો ફિલ્મનું 'છુને ચલી આસમાન' કે પછી ફિલ્મ રંગ દે બસંતીનું મધુશ્રી - નરેશ ઐય્યરના અવાજ વાળું 'તુ બિન બતાયે મુજે લે ચલ કહી...' સાંભળી લેજો, પ્રસુનની કલમની તાકાતનો અંદાજો આવી જશે. આવા ઓડ ગીતો એટલા માટે સૂચવ્યા કે બાકી તો બધા એ ભાગ મિલ્ખા ભાગ, બ્લેક, ગજની. ફના, હમતુમ કે ' દિલ્હી-૬ 'ના ફેંટાસ્ટીક ગીતો તો સાંભળ્યા હશે અને પ્રસુનના આવા ગીતોનું લીસ્ટ પણ લાંબુ જ છે.

પ્રસુન જેવો જ બીજો ગીતકાર છે સ્વાનંદ કીરકરે, ઈનફેક્ટ આ ભાઈ તો ખાલી ગીતકાર નહિ પણ સાથે સાથે ગાયક, સંગીતકાર, સંવાદ લેખક અને કલાકાર પણ છે... કમાલ છે ને આ બહુમુખી પ્રતિભાનો !!! પણ આજે વાત એના ગીતકાર હોવા વિષે જ. હમણા જ આવેલી ફિલ્મ ફીતુર ભલે પીટાઈ ગઈ હોય પણ સ્વાનંદના ગીતો સાંભળવા ગમે એવા હતા - કાશ્મીરી પોએટ્રી જેવા. ૨૦૦૩માં હજારો ખ્વાહિશે ઐસી ના હીટ ગીત.

'એ મન દેખને ચલા એક સપના' થી ગીત લેખનમાં એન્ટ્રી કરનાર આ બહુમુખી પ્રતિભાએ આજ સુધીમાં અનેકો અર્થપૂર્ણ અને શબ્દોથી સમૃદ્ધ ગીતો આપ્યા છે. બેહતી હવા સા થા વો (૩ ઈડીયટ), બંદે મેં થા દમ (લગે રહો મુન્નાભાઈ), માંઝા (કાયપો છે) પીયુ બોલે (પરણીતા), તુ કિસી રેલ સી ગુજરતી હૈ (મસાન), ઈશ્ક બરસે (રાજનીતિ), આલા આલા (બરફી) .....ઈટીસી ઈટીસી !!! અકસ્માતે ગીતકાર બની ગયેલા સ્વાનંદની કલમેથી આવા અનેકો સુમધુર ગીતો સાંભળવા મળવાના છે.

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'ચોર બાઝારી દો નૈનો કી', ' આજ દિન ચડીયા' ના લેખક ઈર્શાદ કામિલની સ્ટોરી પણ કરીબ કરીબ સ્વાનંદને મળતી આવતી જ છે. ઈર્શાદ મુંબઈ આવેલા ટીવી સીરીયલો લખવા અને 'ના જઈયો પરદેશ'. 'કહા સે કહા તક' જેવી સીરીયલો લખી પણ ખરી પણ ૨૦૦૪માં ચમેલી ફિલ્મના 'ભાગે રે મન' લખતાવેત એ બોલીવુડ ફિલ્મોના કાયમી ગીતકાર બની ગયા. ચમેલીથી શરુ થયેલી ઈર્શાદની ગીત યાત્રા 'પ્રેમ રતન ધન પાયો' ની સફળતા સુધી હજુ ચાલુ જ છે. સમીરની જેમ જ ૨૦૦૪થી અત્યાર સુધીના વર્ષોમાં વર્ષની હીટ ફિલ્મમાં ગીતો ઈર્શાદના હોય હોય ને હોય જ. એક રીતે ઈર્શાદ કામિલને આનદ બક્ષી સાથે સરખાવી શકાય કેમકે ઈર્શાદની કલમ બધા જ પ્રકારના વિષયો ધરાવતી ફિલ્મોમાં પણ ખીલી ઉઠી છે પછી ચાહે એ હેપ્પી ન્યુ યર (મનવા લાગે), હાઈવે (પટાકા ગુડી) ગુંડે (તુને મારી એન્ટ્રી) રાંજણા (બનારસીયા) આશિકી-૨ (સુન રહા હૈ નાં તુ) કે પછી રોકસ્ટાર મુવીઝના એવરગ્રીન 'ફિર સે ઉડ ચલા '...કુન ફાયા કુન ' કે 'નાદાન પરિન્દે' વગેરે વગેરે હોય.

આ તો થયા ટોચના ત્રણ. અગાઉ જેમ અનજાન, ઈન્દીવર, આનદ બક્ષીની જેમ અત્યારે આ ટ્રાયોના હાથ અને કલમમાં હિન્દી ફિલ્મોને ગીતો દ્વારા વધુ મનોરંજક બનાવવાનું કાર્ય છે પણ આ સિવાય પણ ઘણા એવા નામો છે જે ચમક્યા કરે છે ગીતલેખનના ક્ષેત્રે. એમના એક છે મોટાભાગે યશરાજ માટે લખતા જયદીપ સહાની 'રબ ને બના દી જોડી' અને 'સલામ નમસ્તે' ના ગીતો લખનાર જયદીપ મૂળે સ્ક્રીન પ્લે રાઈટર છે તો એકટર-ગાયક પીયુષ મિશ્રાની કલમમાંથી પણ 'ગેંગસ ઓફ વાસેપુર' ના 'ઈક બગલ' , ફિલ્મ ગુલાલનું ' આરંભ હૈ પ્રચંડ ' જેવા ગીતો નીકળતા રહે છે. ઈર્શાદ જેવો જ બીજો એક સબ બંદર કા વેપારી જેવો ગીતકાર છે શબ્બીર અહેમદ. સલમાનને લીધે હિન્દી ફિલ્મોમાં પહોચી

અનુસંધાન પાના નં. ૭ પર

ચા : ૨૧મી સદીનું લોકપ્રિય અને નુકશાનપ્રિય પીણું 'ચાય પે ચર્ચા'

ચા આમ જોઈએ તો સૌથી વધુ પીવાતું લોકપ્રિય આંતર રાષ્ટ્રીય પીણું છે. આપણે ગુજરાતીઓ પણ ઘેલા ઘેલા થઈને અને વળી ચાહ નામ આપીને ચાહતપૂર્વક ચા પીને ચાનું ગૌરવ અનુભવીએ છીએ. અને હવે તો એક પરંપરા બની ગઈ છે કે દરરોજ સવારે ઠીને દરેક ઘરમાં ચા બનાવવાની જ. બધાને પીવાની જ. અને હવે તો કેટલાક ઘરમાં બપોરે આરામ કર્યા પછી પણ ચા પીવાની પ્રથા છે. આ જ ચાની સર્વલોકપ્રિયતા દર્શાવે છે. આજે તો કોઈપણ મહેમાનને ઘેર, ઓફિસ કે કંપનીમાં સત્કારવા કે આવકારવા માટે પણ ચાનો જ ઉપયોગ થાય છે. અને આવેલ વ્યક્તિ કે મહેમાનની સાથે અંગત કે વ્યાવસાયિક સંબંધ પણ બને છે, ઘેર આવેલ મહેમાનો સાથે આત્મીયતાનો ભાવ વધે છે. આ બધુ હવે સહજ કે પ્રથા બની ગયું છે.

જો કે આજે મારે ચા વિશેની અંદરની વાત કરવી છે. કેમ કે બહારથી લાલ અને ગરમ દેખાતી ચા અંદરથી કેટલી નુકશાનકારક છે એ જાણીશું તો શક્ય છે કે આપણે ચાને કારણે બગડતા આપણા સ્વાસ્થ્યને થોડું બચાવી શકીશું. સૌ પ્રથમ આપણો ભારત દેશ ગરમ પ્રદેશ છે અહીનું તાપમાન અન્ય દેશો કરતા ઘણું ચું રહે છે ચા પણ આપણા શરીરના તાપમાનમાં વધારો કરે છે. જેનાથી પિત્ત વધે છે. વળી ચા શરીરમાં જવાથી શરીરમાં રહેલા વિટામિન્સ નષ્ટ થઈ જાય છે. સ્મરણ શક્તિમાં દૂર્બળતા આવે છે. તથા લીવર ઉપર નેગેટિવ પ્રભાવ પડે છે. વળી ચા આ શરીરમાં વહેતા લોહીની જે કુદરતી ઉષ્મા છે તેનો નાશ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કેમ કે ચામાં રહેલું કૈફીન દ્રવ્યની સૌથી મોટી આડ અસર 'હદય પર થાય છે. વધુ પડતી ચા હદયરોગને નિમંત્રે છે. એ પણ હકિકત છે. દુધની બનેલી ચા પીવાથી પાચનક્રિયા પણ ઠીક રીતે થઈ શકતી નથી. તથા એમાં રહેલા કૈફીન તત્વ ભલે ૬ ટકામાં હોય પણ એ આપણા શુદ્ધ લોહીને દુષિત અને શરીરના અવયવોને નબળા પાડવામાં અગ્રેસર રહે છે.

ચા પીવાથી લોહી દુષિત બને છે અને ચહેરા પર લાલ રંગની એકદમ બારીક ફોલ્લીઓ ઉપસી આવે છે. તો વળી બહુ ચા પીવાથી આંતરડાં પણ નબળા પડે છે અને કબજિયાતનો કાયમી રોગ આપણા શરીરમાં ઘર કરી જાય છે. કમજોરી અને પેટમાં ગેસ થવાની બિમારી પણ ચા આપણને ભેટમાં આપે છે. જેને કારણે નિદ્રાદેવી આપણી ઉપર પ્રસન્ન થાય છે અને રાત્રે આપણને સૂવા નથી દેતા.

આમ ચા પીવાથી બહારથી દેખાતા અનેક ફાયદા અંદરથી તો આપણને ઘણું નુકશાન જ કરે છે. થોડી ઘણી ક્ષણોની મોજ લેવા આપણે આપણા જ શરીરને કેટલું મોટું કાયમી નુકશાન કરીએ છીએ. એ આપણે જાણતા જ નથી. વધુ ચા પીવાથી દાંત પણ ખરાબ થઈ જાય છે. ચા એક રીતે જોઈએ તો ન્યુરોલોજિકલ રીતે પણ કેટલીક ગરબડ ઉભી કરે છે. ચામાં રહેલ યૂરિક એસિડથી મૂત્રાશય નિર્બળ પડે છે. પરિણામે બહુ ચા પીવા વાળી વ્યક્તિને વારંવાર પેશાબ કરવા જવું પડે છે. ખાસ કરીને બહારની જાહેર જગ્યાઓમાં મળતી ચા તો કેટલી નૂકશાનકારક હોય છે એ તો આપણે વિચારતા જ નથી. રેલવે સ્ટેશનોના પ્લેટફોર્મ પર મળતી ચા કેટલી ગંદી હોય છે એ તો આપણે ધ્યાનથી જોઈએ તો જ ખ્યાલ આવે. તેઓ જે વાસણમાં ચા બનાવે છે તે વાસણ દિવસોના દિવસો સુધી તેઓ સાફ કરતા હોતા નથી. વળી વારંવાર એમાં ને એમાં ચા બનાવવાથી અને વારંવાર ઉકાળવાથી એ ચા વિષયૂક્ત બની જાય છે. જે એક રીતે શરીર માટે ધીમા ઝેરની ગરજ સારે છે. વળી જે એલ્યુમિનીયમની તપેલીમાં ચા બને છે એ આગમાં તપતા ચા સાથે ઓગળીને આપણા પેટમાં જાય છે. જે પેટની સિસ્ટમને તોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઘણી વખત આપણે વધેલી ચા થરમોસમાં નાખીને સાથે ઓફિસ લઈ જઈએ છીએ પણ થરમોસવાળી ચા બિલકુલ ના પીવી જોઈએ. આમ તો એવું પણ કહેવાય છે કે ચાની પત્તીને વધુ ના ઉકાળવી જોઈએ, એ પત્તીનો માત્ર એક જ વાર ઉપયોગ કરીને ફેંકી દેવી જોઈએ.

ચાનું સૌથી મોટું નુકશાન છે એ ખાવાથી આપણી ભૂખ મરી જાય છે. જેને કારણે શરીરમાં વિટામીનની ઉણપ ભી થાય છે. અને મગજના જ્ઞાનતંતુઓ સૂકાવા લાગે છે. વધુ પડતી ચાને કારણે ઘણીવખત ડાયાબિટીસ પણ લાગું પડી જાય છે. આપણે ત્યાં ચા સંદર્ભે ખૂબ મોટી ગેરસમજ એ પ્રવર્તે છે કે 'ચા પીવાથી શરીરમાં સ્ફૂર્તિ આવી જાય છે. એ ખરેખર એમાં રહેલા કૈફિન તત્વને કારણે થોડો સમય એવો આભાસ થાય પણ હકિકતે એ વિનાશકારી જ બને છે. રોજની ત્રણથી ચાર ચા પીતા લોકો શારિરીક રીતે તો નુકશાની વેઠે જ છે પણ આર્થિક રીતે ય તેઓ ધીમે ધીમે ખુવાર થતા હોય છે.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ ચા વિશે આપણે કદાચ એક સાથે આટલું બધું ચિંતન મનન કદી નથી કર્યું પણ ખરેખર થોડુક ઊંડું વિચારીએ તો ચા આજથી બસો વર્ષ પહેલા આપણા ભારત દેશમાં હતી જ નહી. આજની ચા અંગ્રેજોની દેન છે. અંગ્રેજોની શિષ્ટાચારીને કારણે ચા ભારતીય સમાજમાં સ્થાપિત થઈ અને આ ચાનો એટલો બધો પ્રભાવ રહ્યો કે આજ દિન સુધી એ ઘેર ઘેર રોજ સવારે પી